# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

***************************************************

1) અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેમના નિર્દેશ પર વેનેઝુએલા પર લશ્કરી કાર્યવાહી.. મદુરાઓ અને તેમની પત્ની સામે ન્યુયોર્કમાં કેસ ચાલશે

2) વેનેઝુએલાની સ્થિતિ અંગે સંયુક્ત રાષ્ટ્રસંઘે કટોકટી બેઠક બોલાવી. વેનેઝુએલાનો પ્રવાસ કરવા સામે ભારતે ચેતવણી આપી

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીના ડૉ.સંપૂર્ણાનંદ સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે 72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે.

4) ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ત્રણ નવા ફોજદારી કાયદાઓ 2029સુધીમાં સત્ર અદાલતથી સર્વોચ અદાલત સુધી સમયસર ન્યાય સુનિશ્ચિત કરશે.

5) શ્રીલંકાની જેલમાં બંધ તામિલનાડુના માછીમારોને મુક્ત કરાવવા મુખ્યમંત્રી સ્ટાલિને કેન્દ્ર સરકારને વિનંતી કરી

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TRUMP – VENEZUELA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે તેમના નિર્દેશ પર વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં લશ્કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

ફ્લોરિડામાં એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે અમેરિકન સૈન્યએ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડવા માટે કારાકાસમાં એક કિલ્લેબંધ લશ્કરી થાણાને નિશાન બનાવ્યું હતું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યાં સુધી સુરક્ષિત, ન્યાયી અને કાયદેસર શાસન સ્થાપિત નહીં થાય ત્યાં સુધી અમેરિકા વેનેઝુએલા પર શાસન કરશે.

## BYTE: TRUMP ARJUN

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ કાર્યવાહીની સરખામણી ઈરાન સામેની અમેરિકન લશ્કરી કાર્યવાહી સાથે કરી, જેમાં પરમાણુ સુવિધાઓ પરના હુમલાનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ માદુરો અને તેમની પત્નીને હવે અમેરિકાના ન્યાયનો સામનો કરવો પડશે. ડ્રગ સંબંધિત આતંકવાદના આરોપોમાં તેમની પર ન્યૂયોર્કમાં કેસ ચલાવવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે આરોપ લગાવ્યો કે વેનેઝુએલા અમેરિકામાં ગેરકાયદેસર ડ્રગ્સ પ્રવેશવાનો મુખ્ય સ્રોત છે. રાષ્ટ્રપતિ માદુરોને સરમુખત્યાર ગણાવતા, તેમણે વેનેઝુએલાના રાજકીય અને લશ્કરી નેતાઓને જો તેઓ પ્રતિકાર કરે તો તેના પરિણામો ભોગવવા પડશે તેવી ચેતવણી આપી.

તેમણે કહ્યું કે વેનેઝુએલા હવે મુક્ત છે અને આ કાર્યવાહી પછી અમેરિકા એક સુરક્ષિત અને મજબૂત રાષ્ટ્ર બન્યું છે.

## UN CHIEF-TRUMP VENEZUELA

યુએન સુરક્ષા પરિષદે જાહેરાત કરી છે કે તે વેનેઝુએલામાં યુએસ કાર્યવાહી અંગે ચર્ચા કરવા માટે આવતીકાલે એક કટોકટી બેઠક યોજશે.

કાઉન્સિલના અસ્થાયી સભ્ય કોલંબિયાની વિનંતી પર આ બેઠક બોલાવવામાં આવી છે અને તેને કાયમી સભ્યો ચીન અને રશિયા દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. યુએન સેક્રેટરી-જનરલએ વેનેઝુએલામાં યુએસ લશ્કરી કાર્યવાહીને ખતરનાક ઉદાહરણ ગણાવ્યું છે. જેના કારણે રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી.

એક નિવેદનમાં, યુએન પ્રવક્તા સ્ટેફન ડુજારિકે જણાવ્યું હતું કે સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ ખૂબ જ ચિંતિત છે કે આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમોનું સન્માન કરવામાં આવ્યું નથી. સેક્રેટરી-જનરલએ માનવ અધિકારો અને કાયદાના શાસનના સંપૂર્ણ આદર સાથે વેનેઝુએલામાં સમાવિષ્ટ સંવાદ માટે હાકલ કરી છે.

## REV. MEA ADVISORY VENEZUELA

તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને વેનેઝુએલાની બિન-આવશ્યક મુસાફરી ટાળવા માટે એક ચેતવણી જારી કરી છે.

કોઈપણ કારણોસર વેનેઝુએલામાં રહેલા તમામ ભારતીયોને અત્યંત સાવધાની રાખવા, તેમની અવરજવર મર્યાદિત કરવા અને કારાકાસમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

દૂતાવાસનો ઇમેઇલ આઈડી cons.caracas@mea.gov.in છે અને ઇમરજન્સી ફોન નંબર +58 -412 -9584 288 છે.

## VENEZUELAN PRESIDENT- UPDATES

યુએસ એટર્ની જનરલ પામ બોન્ડીએ જણાવ્યું કે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ અને તેમની પત્ની, ફર્સ્ટ લેડી, સિલિયા ફ્લોરેસ પર ન્યૂ યોર્કના દક્ષિણ જિલ્લામાં આરોપ મૂકવામાં આવ્યો છે. આ દંપતી પર નાર્કો-આતંકવાદ અને કોકેન આયાત કરવાના કાવતરા અને યુએસ વિરુદ્ધ મશીનગન અને વિનાશક ઉપકરણો રાખવાના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

## PM-VOLLEYBALL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીના ડૉ. સંપૂર્ણાનંદ સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે 72મી રાષ્ટ્રીય વોલીબોલ ટુર્નામેન્ટનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે.

સાંભળીએ એક અહેવાલ..

V/C MUKESH BAL

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## SHAH-MEETING

**ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે ત્રણ નવા ફોજદારી કાયદાઓ 2029 સુધીમાં સત્ર અદાલતથી થી સર્વોચ અદાલત  સુધી સમયસર ન્યાય સુનિશ્ચિત કરશે.**

**તેમણે ગઈકાલે શ્રી વિજયપુરમ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ગૃહ મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરતી વખતે આ નિવેદન આપતા જણાવ્યું હતું કે આ કાયદાઓ તપાસને ઝડપી બનાવી રહ્યા છે અને દોષિત ઠેરવવાનો દર વધારી રહ્યા છે.**

**તેમણે જણાવ્યું કે ગૃહ મંત્રાલયે 2019 થી સંસદીય સલાહકાર સમિતિની 12 બેઠકો યોજી છે, જેના સકારાત્મક પરિણામો મળ્યા છે. શ્રી શાહે જણાવ્યું કે 2021માં,**

દેશમાં કોઈ મોબાઇલ ફોરેન્સિક લેબ નહોતી, જ્યારે આજે તેમની સંખ્યા 1,000 સુધી પહોંચી ગઈ છે.

આગામી પાંચ વર્ષમાં દેશભરમાં ફોરેન્સિક લેબનું નેટવર્ક સ્થાપિત કરવા માટે 30 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. 2029 સુધીમાં, દેશના દરેક રાજ્યમાં ફોરેન્સિક યુનિવર્સિટી અથવા કેન્દ્રીય ફોરેન્સિક લેબોરેટરી હશે.

## STALIN-MEA-FISHERMEN

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને કેન્દ્ર સરકારને વિનંતી કરી છે કે તેઓ શ્રીલંકાની જેલોમાં અટકાયતમાં રાખેલા તમામ માછીમારોને તાત્કાલિક મુક્ત કરવા માટે રાજદ્વારી માધ્યમો દ્વારા તાત્કાલિક પગલાં લે.

વિદેશ મંત્રી ડૉ. જયશંકરને લખેલા પત્રમાં, તેમણે ભારતમાંથી માછીમારોની ધરપકડની ઘટનાઓ તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે હાલમાં, 73 માછીમારોની કુલ 251 માછીમારી બોટ શ્રીલંકન સરકારની કસ્ટડીમાં છે.

મુખ્યમંત્રીએ તાજેતરની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો જેમાં આ મહિનાની 2 તારીખે કોડિક્કરાઈ નજીક આંતરરાષ્ટ્રીય પાણીમાં પ્રવેશ કરવા બદલ શ્રીલંકન નૌકાદળ દ્વારા બે બોટ અને નવ માછીમારોને પકડવામાં આવ્યા હતા.

## ECI- APP

ચૂંટણી પંચે ECI-Net એપમાં સુધારા માટે જનતા પાસેથી સૂચનો મંગાવ્યા છે. નાગરિકો આ એપ પર તેમના પ્રતિભાવો 10 જાન્યુઆરી સુધી સબમિટ કરી

શકો છો. પંચે મતદારોને વધુ સારી સેવાઓ અને ચૂંટણી સંબંધિત માહિતી પૂરી પાડવા માટે આ ડિજિટલ પ્લેટફોર્મ બનાવ્યું છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, એપનું પરીક્ષણ સંસ્કરણ મતદાન પૂર્ણ થયાના 72 કલાકની અંદર સુધારેલ મતદાર સેવાઓ, મતદાન ટકાવારી વલણોની તાત્કાલિક ઉપલબ્ધતા અને ઇન્ડેક્સ કાર્ડનું પ્રકાશન પ્રદાન કરે છે.

બિહાર વિધાનસભા ચૂંટણી 2025 અને ત્યારબાદની પેટાચૂંટણીઓ દરમિયાન આ એપનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. કમિશને જણાવ્યું હતું કે જનતા તરફથી મળેલા સૂચનોની તપાસ કરવામાં આવશે અને વપરાશકર્તા અનુભવને વધુ સારો બનાવવા માટે તેનો સમાવેશ કરવામાં આવશે.

ECI-Net પ્લેટફોર્મ આ મહિનાના અંતમાં સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવશે. આ એપ ગૂગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર બંને પર ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે.

## MAGH FAIR

પ્રયાગરાજના સંગમ ખાતે પોષ પૂર્ણિમાના પવિત્ર સ્નાન સાથે 43 દિવસ ચાલનાર માઘ મેળાનોગઇકાલે પ્રારંભ થયો છે

ગઇકાલે ૪ વાગ્યા સુધીમાં ૨૧ લાખ 50 હજાર શ્રદ્ધાળુઓએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું. મેળા વિસ્તારમાં વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ભક્તોની સુવિધા માટે વહીવટીતંત્રે વ્યાપક વ્યવસ્થા કરી છે.તબીબી કટોકટી માટે ૨૦ બેડ ધરાવતી બે હોસ્પિટલો સ્થાપિત કરવામાં આવી છે.

# NT. CRICKET U-19

પુરુષ અંડર-૧૯ ક્રિકેટમાં ભારતે ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વનડેમાં ડકવર્થ-લુઇસ-સ્ટર્ન-ડીએલએસ પદ્ધતિ હેઠળ દક્ષિણ આફ્રિકાને ૨૫ રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, ભારતે ૫૦ ઓવરમાં ૩૦૦ રન બનાવ્યા. જવાબમાં, દક્ષિણ આફ્રિકાએ ૨૭ ઓવર અને ૪ બોલમાં ૧૪૮ રન બનાવ્યા હતા.

વરસાદના કારણે મેચમાં વિક્ષેપ પડ્યો અને મેચ ફરી શરૂ થઈ શકી નહીં. ભારતને ડીએલએસ પદ્ધતિ દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યું. આ શ્રેણીમાં વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- અમેરિકાએ વેનેઝુએલા પર કરેલા હુમલાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે....
- ગુજરાત સમાચાર લખે છે... અમેરિકાએ ઘરમાં ઘૂસી પ્રમુખ માદુરોનું અપહરણ કર્યું.
- સંદેશની હેડલાઈન છે... અડધી રાત્રે વેનેઝુએલા પર અમેરિકાની એર સ્ટ્રાઈક.
- નવ ગુજરાત સમય લખે છે... વેનેઝુએલા પર અમેરિકાનો હુમલો... પ્રેસિડેન્ટ માદુરો પત્ની કેદ કરાયા
- આ સાથે... બાંગ્લાદેશમાં હિન્દુ ઉપર અસહ્ય અત્યાચાર યથાવત-જીવતા સળગાવાયેલા હિન્દુનું મૃત્યુ.. આ સમાચારને ગુજરાત સમાચાર પહેલા પાને લીધા છે
- નવ ગુજરાત સમયની અન્ય હેડ લાઈન છે.. ઈરાનના સુપ્રીમ નેતા આકરા પાણીએ-તોફાનીઓને ઠેકાણે પાડી દેવાનું એલાન
- સ્થાનિક સમાચારોમાં ગાંધીનગરમાં દૂષિત પાણીથી રોગચાળો બેકાબુ - સિવિલમાં 104 બાળકો દાખલ.. ગુજરાતમાંથી પકડાયેલા ત્રણ આતંકીના કેસની તપાસ NIAને... 33 માંથી 28 જિલ્લામાં ભૂગર્ભ જળ અત્યંત પ્રદૂષિત જેવા વિવિધ સમાચારોને સ્થાન અપાયું છે